ગુજરાત સરકાર

**ગૃહવિભાગ**

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ-૨૮/૦૨/૨૦૧૪

**અધિસુચનાઃ-**

**ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૧૨૬૯/ફ.**

ગૃહવિભાગના નિયંત્રણ હેઠળની ડાયરેકટર જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય અમદાવાદના મહેકમ પર નાયબ કમાન્ડન્ટ જનરલ, વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા શ્રી એલ.જી.વાઘેલા તા.૨૮/૨/૨૦૧૪ ના રોજ વયનિવૃત્ત થનાર હોઇ, શ્રી વાઘેલાને તા.૨૮/૨/૨૦૧૪ ના રોજ કચેરી સમય બાદથી વયનિવૃત્ત થવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

**૨//.** નાયબ કમાન્ડન્ટ જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝની જગ્યા બઢતીથી ભરવા અંગેની ફીડર કેડર બટાલીયન કમાન્ડન્ટ, વર્ગ-૧ છે. રાજયમાં આવેલ બોર્ડરવીંગ હોમગાર્ડઝની બે બટાલીયનોના બટાલીયન કમાન્ડન્ટ પૈકી એકમાત્ર બટાલીયન કમાન્ડન્ટ, વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા અધિકારી બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૨ ભુજ-કચ્છ ખાતે છે. જયારે નાયબ કમાન્ડન્ટ વર્ગ-૧ ની જગ્યા ખાતાના વડાની કચેરી અમદાવાદ ખાતે છે. આથી કચ્છ ભુજ ખાતેના અધિકારીને અમદાવાદ ખાતે ચાર્જ આપવો અનુકુળ થશે નહી. ઉપરાંત નાયબ કમાન્ડન્ટ જનરલની જગ્યા સીધીભરતીથી ભરવા અંગે ભરતી નિયમોનુસાર માજી સૈનિક કક્ષાના અધિકારી નિંમણૂકને પાત્ર છે. વયનિવૃત્ત થતા અધિકારી લશ્કરના કેપ્ટન કક્ષાના અધિકારી છે. અત્યાર સુધી માજી સૈનિક અધિકારીઓ ઉકત જગ્યા પર બઢતી/સીધી ભરતીથી નિંમણૂક પામેલ છે. જે જોતા વહીવટી અનુકુળતા ધ્યાને લઇ નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી અમદાવાદ તરીકે ફરજ બજાવતા મેજર (નિવૃત) શ્રી વિક્રમસિંહ જાડેજાને શ્રી એલ.જી.વાઘેલા, નાયબ કમાન્ડન્ટ જનરલ,સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝની વયનિવૃત્તિથી ખાલી પડનાર જગ્યાનો હવાલો તેઓની જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી અમદાવાદ તરીકેની કામગીરી ઉપરાંત વધારાના હવાલા તરીકે આ જગ્યા પર નિયમિત નિંમણૂક ન થાય ત્યાં સુધી તા.૧/૩/૨૦૧૪ થી સોંપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- અ.મુ.સશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- નિયામક,સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- શ્રી એલ.જી.વાઘેલા, નાયબ કમાન્ડન્ટ જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- મેજર શ્રી વિક્રમસિંહ જાડેજા, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, બોડકદેવ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- સિલેકટ ફાઇલ.



D:\Vijay Backup\Vijay\PRC\Dy.C.G Promotion.docx